**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.**
**ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧૯મી ઓકટોમ્બર-૨૦૧૬/ 1068 તા.૧૫/૧૧/૨૦૧૬

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

વિષય : ગત તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

ઈન્ચા કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ

બિડાણઃ- એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તારીખ ૧૯મી ઓકટોમ્બર–૨૦૧૬નાં રોજ બપોરે ૦૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૯મી ઓકટોમ્બર–૨૦૧૬નાં બુધવારને બપોરે ૦૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સિલની સભા માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર એજન્ડાના પત્રની રવાનગીની તા:૧૪મી ઓકટોમ્બરના બદલે તા:૧૭મી ઓકટોમ્બરના સુધારા સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. શ્રી સી.બી.જાડેજા –અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, –સભ્યશ્રી<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, –સભ્યશ્રી<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી એમ.જી.ઠકકર –સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી –સભ્યશ્રી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી હરિસંગ ઘનુભા જાડેજા –સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલ સ્નાતક,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેરહાજર |
| શ્રી ડૉ.એસ.જી.ધર્માણી –સભ્યશ્રી<br>આચાર્યશ્રી,તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર– કચ્છ. | ગેરહાજર |
| પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે –સભ્યશ્રી<br>પ્રોફેસર,રસાયણશાસ્ત્ર ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ. | હાજર |
| ડૉ. શ્રી એસ.એલ.ભંડારી –સભ્યશ્રી<br>રીડર,અર્થએન્ડએન્વા સાયન્સ ભવન,<br>કે.એસ.કે.વીકચ્છ યુનિવર્સિટી, ભુજ | હાજર |

| | | |
|---|---|---|
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ગાંધીધામ–કચ્છ. | –સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ભુજ –કચ્છ. | –સભ્યશ્રી | હાજર |
| ડૉ.ડી.એમ.બકરાણીયા<br>કાર્યકારી કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | – સેક્રેટરી | હાજર |

## –મુદ્દાઓ–

૧. તા:૦૧/૦૯/૨૦૧૬ની મિનિટસનું વાંચન અને બહાલી :

(નોંધ:– ગત તારીખ ૦૧/૦૯/ ૨૦૧૬ના રોજની સભાની મિનિટ્સનું નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન અને બહાલી બાબત.)

ઠરાવ:– ૧. ગત તા:૦૧લી સપ્ટેમ્બર–૨૦૧૬ના રોજની સભાની મીનીટસના ઠરાવ નં:૫ થી પુરક પરીક્ષાના આયોજન બાબતે જે પરીક્ષાઓ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના અભ્યાસક્રમો હોય તેવા જ અભ્યાસક્રમોની પુરક પરીક્ષાઓ લેવાની રહેશે. જયારે જે અભ્યાસક્રમો કોઇ પણ કાઉન્સીલના કાર્યક્ષેત્ર હેઠળ આવતાં હોય (દા.ત.એમ.સી.આઇ., એન.સી.ઇ.ટી., બાર કાઉન્સીલ વગેરે) તેમની પરીક્ષા તેમના ધારા–ધોરણ પ્રમાણે લેવાની રહેશે તે સુધારા/સ્પષ્ટતા સાથે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨. કાયમી બિન–શૈક્ષણિક કર્મચારીઓને ટ્રાવેલીગ એલાઉન્સ આપવા બાબત.

ઠરાવ નં:– ૨ ગુજરાત સરકારશ્રીના ટ્રાવેલીગ એલાઉન્સના પરીપત્ર અન્વયે અન્ય યુનિવર્સિટીની પ્રવર્તમાન સ્થિતિ અને પરિપત્રોના આધારોનો અભ્યાસ કરી હવે પછીની એક્ઝિકયુટીવ કાઉન્સીલમાં નિર્ણય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૩. બિન–શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર વધારા બાબત.

ઠરાવ નં:– ૩ પે–રીવાઇઝ કમિટિની રચના થયેલ હતી તે સભ્યોશ્રીઓ પૈકી હાલમાં ચાલુ ન હોય તેવા તત્કાલીન સભ્યશ્રીઓના સ્થાને અન્ય સભ્યશ્રીઓની

**પે–રીવાઇઝ કમિટિની ફરીથી રચના કરવામાં આવી અને પગાર વધારા બાબતે સત્વરે અહેવાલ રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ નં. | નામ | હોદો |
|---|---|---|
| ૧ | પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે | અધ્યક્ષશ્રી |
| ૨ | ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |
| ૩ | ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ | સભ્યશ્રી |
| ૪ | શ્રી નવલસિંહ એમ. જાડેજા | સભ્યશ્રી |
| ૫ | ડૉ. શ્રી એસ.એલ.ભંડારી | સભ્યશ્રી |

૪. બિન–શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીશ્રીઓના દિવાળી બોનસ આપવા બાબત.

**ઠરાવ નં:–૪ વર્ગ–૩ અને વર્ગ–૪ના બિન–શૈક્ષણિક કર્મચારીશ્રીઓને દિવાળી બોનસ ચુકવવા અંગે ઉપરોક્ત ઠરાવ નં:૩માં રચાયેલ પે–રીવાઇઝ કમિટિમાં ભલામણ કરવા અને સત્વરે અહેવાલ રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. શ્રીમતિ કાશ્મીરાબેન મહેતા તથા શ્રી આર.વી.બસીયાને પે–પ્રોટેકશન આપવા બાબત.

**ઠરાવ નં:– ૫ શ્રીમતિ કાશ્મીરાબેન મહેતા તથા શ્રી આર.વી.બસીયાને સરકારશ્રીના નિયત ધારા–ધોરણ અનુસાર પે–પ્રોટેકશન આપવા અંગે સર્વાનુમતે ઠરાવવાનું આવ્યું.**

૬. મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર શરૂ કરવું અને તે કેન્દ્રના નાણાંકિય વ્યવહાર બેન્ક મારફતે કો–ઓર્ડિનેટરશ્રી દ્વારા કરવા બાબત.

**ઠરાવ નં:–૬ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર શરૂ કરવા અને તે કેન્દ્રના નાણાંકિય વ્યવહાર બેન્ક મારફતે કો–ઓર્ડિનેટરશ્રી દ્વારા કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. એમ.એસ.સી.–કેમેસ્ટ્રીની વિદ્યાર્થીની બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની આવેલ રજૂઆત બાબત.

**ઠરાવ નં:– ૭ એમ.એસ.સી.–કેમેસ્ટ્રીની વિદ્યાર્થીની બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની આવેલ રજૂઆત અંગે સમગ્ર પ્રકરણનો તાગ મેળવવા તપાસ સમિતિની રચના કરવામાં આવી.**

| ક્રમ નં. | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી | અધ્યક્ષશ્રી |
| ૨ | ડૉ.શ્રી પી.એન.દવે | સભ્યશ્રી |
| ૩ | ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ | સભ્યશ્રી |
| ૪ | ડૉ.શ્રી દર્શનાબેન ધોળકીયા | સભ્યશ્રી |

આ સમિતિ તમામ સ્તરીય તપાસ કરી આ તપાસ અંગેનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરે અને તે સારાંશ સાથે રજૂ કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. યુનિવર્સિટીના વિકાસ કામોની વર્તમાન સ્થિતિને ધ્યાને લેતાં જરૂરીયાતના ભાગરૂપે કામચલાઉ ધોરણે સિવિલ ઇજનેરની નિમણૂંક બાબત.

ઠરાવઃ— ૮. કચ્છ યુનિવર્સિટીના વિકાસ કામોની ચાલુ રહે ત્યાં સુધીના સમયગાળા માટે જરૂરીયાત અનુસારની સંખ્યામાં સિવિલ ઇજનેરની નિમણૂંક કરવા અંગે માન.કુલપતિશ્રીને સત્તા સોંપવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯. ગુજરાત અદાણી ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સના પી.જી.અભ્યાસક્રમો અંગે સરકારશ્રીમાંથી પૂર્વ મંજૂરી મળી જતાં યુનિવર્સિટીની કોલેજ યાદીમાં નામો સમાવવા બાબત.

ઠરાવઃ— ૯. રાજ્ય સરકારશ્રીની મંજૂરી આવી ગયેલ હોવાથી યુનિવર્સિટીની કોલેજ યાદીમાં મેડિકલ સાયન્સના પી.જી.અભ્યાસક્રમોના નામો ગુજરાત અદાણી ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ અંર્તગત સમાવિષ્ટ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદાઓ..

૧૦. લાયબ્રેરીનું ચુકવણું (રૂા.૭,૭૬,૦૯૬/—) અને રસાયણ અને કોમર્સ મેનેજમેન્ટ વિષયના પુસ્તકો ખરીદીની છુટ આપવા બાબત.

ઠરાવઃ— ૧૦ લાયબ્રેરી સમિતિનો અહેવાલ સત્વરે રજુ કરવા, જીઓલોજી અને આર્કિયોલોજીના જે પુસ્તકો વધુ ખરીદાયેલ છે તે પરત કરી તેના બદલે રસાયણશાસ્ત્ર ભવન અને કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ભવનમાં ચાલતા અભ્યાસક્રમો માટે તેમની જરૂરીયાત અનુસાર પુસ્તકોની ખરીદી કરવા અને થયેલ પુસ્તકોની ખરીદીના પડતર બાકી રહેલ બિલનું ચુકવણું સંબંધિત પાર્ટીને કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧. રીનોવેશન બાકી ચુકવણા બાબત.

ઠરાવ નંઃ—૧૧ રીનોવેશન ખર્ચ બાબતે બિલ પ્રમાણે કામો થયેલ હોવા અંગેની ચકાસણી અહેવાલ બાબતે સમિતિ રચવામાં આવી જેમાં દર્શાવ્યા મુજબના સભ્યો સમાવિષ્ટ કરવામાં આવ્યા.

| ક્રમ નં. | નામ | હોદો |
|---|---|---|
| ૧ | શ્રી એસ.જી.ધર્માણી | અધ્યક્ષશ્રી |
| ૨ | ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ | સભ્યશ્રી |
| ૩ | શ્રી તેજલ શેઠ | સભ્યશ્રી |

સમિતિએ સંબંધિત ખર્ચ અંગે ખરીદ સમિતિ તરફથી અહેવાલ મેળવી, યોગ્ય તપાસ કરી અહેવાલ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨. પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના બાબત.

ઠરાવ નં.–૧૨ ઓકટોમ્બર–નવેમ્બર–ડિસેમ્બર–૨૦૧૬ની યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાની પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ નં. | નામ | હોદો |
|---|---|---|
| ૧ | શ્રી દર્શનાબેન ધોળકીયા | અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી પી.એન.દવે. | સભ્યશ્રી |
| ૩ | શ્રી.પી.એસ.હીરાણી | સભ્યશ્રી |
| ૪ | શ્રી વિપુલ મોદી | સભ્યશ્રી |
| ૫ | શ્રી કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |
| ૬ | શ્રી એલ.વી.ફફલ | સભ્યશ્રી |

૧૩. ચાર્જ એલાઉન્સ બાબત.–શ્રી એમ.જી.ઠકકરની રજૂઆત અન્વયે

ઠરાવ નં:–૧૩ શ્રી એમ.જી.ઠકકરની રજૂઆત અન્વયે તેઓ રજીસ્ટ્રારનો ચાર્જ સંભાળ્યો તેના ચાર્જ એલાઉન્સ અગાઉની ઇ.સી.માં મંજુર થયા મુજબ સ્વીકારવા તૈયાર હોય તો તે મુજબ ચુકવવું.

૧૪. ગાડીનું ચુકવણું બહાલ રાખવા બાબત.

ઠરાવ :– ૧૪. માન.કુલપતિશ્રી માટે ખરીદ કરવામાં આવેલ ઇનોવા ગાડીની કિંમત રૂા.૨૨,૦૦,૫૯૩/–સંબંધિત પાર્ટીને પરીક્ષા ખર્ચમાંથી ચુકવવામાં આવેલ તે સંદર્ભમાં થયેલ કાર્યવાહીને અને થયેલ ચુકવણાંને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

તારીખ:–૧૧/૧૧/૨૦૧૬

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી